# ચિરાગે હિદાયત



## આ અઠવાડિયાની મુનાસેબત

૧૦ રજબ/૧૮ માર્ચ : વિલાદતે હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)
૧૩ રજબ/૨૧ માર્ચ : વિલાદતે હઝરત ઈમામ અલી(અ.સ.)
૧૫ રજબ/૨૩ માર્ચ : શહાદતે હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)

## મૌલા અલી(અ.સ.)નો ઝિક્ર કરવો ઈબાદત છે

અઝીઝો! જો હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)નો ઝિક્ર કરવા માટે તમામ દરખ્તો કાગળ બની જાય, દરિયાઓ શાહી બની જાય અને તમામ આસમાન અને ઝમીનવાળા લખવા બેસી જાય તો પણ આપ(અ.સ.)નો ઝિક્ર (ફઝાએલ) સંપૂર્ણ લખી શકતા નથી. આવી શખ્સીય્યત કે જેની વિલાયત આમાલ કબૂલ થવાની શર્ત છે. જયારે તેમને અય્નુલ્લાહ (અલ્લાહની આંખ), યદુલ્લાહ (અલ્લાહનો હાથ) જેવા અલ્કાબ આપવામાં આવે છે ત્યારે અમુક મુસલમાનો ખાસ કરીને શીઆ ઉપર આ આક્ષેપ મૂકે છે કે હઝરત અલી(અ.સ.)ના દરજ્જા બાબત અતિશ્યોક્તિથી કામ લે છે, અને આવી ફઝીલતોને ઘડી કાઢેલી માને છે.

અઝીઝો! ઈમામ અલી(અ.સ.)ની આ ફઝીલતને સાબીત કરવા આવો એક મુનાઝેરો જોઈએ કે જે એ હકીકતને જાહેર કરશે કે તમામ મુસલમાનો આ વાતને કબૂલ કરે છે કે તમામ ઈમામો(અ.મુ.સ.) અને ઈમામ અલી(અ.સ.) આ અસાધારણ ગુણો અને ફઝીલતો ધરાવે

છે. આ માત્ર શીઆઓનો જ અકીદો નથી.

એક મજલીસમાં અલ-ગદીરના લેખક અલ્લામા અમીનીની હાજરીમાં એક સુન્ની આલિમે આવીને તેમને પડકાર ફેંકયો કે "તમે લોકો હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.)ના બારામાં ગુલવ (અતિશ્યોકિત)થી કામ લો છો અને તેમના દરજ્જાને વધારો છે, જેમ કે તમો તેમને યદુલ્લાહ (અલ્લાહનો હાથ), અયનુલ્લાહ (અલ્લાહની આંખ) જેવા અલ્કાબથી ખિતાબ કરો છો. જે સહી નથી." અલ્લામા અમીનીએ જરા પણ વિલંબ વિના સામે સવાલ કર્યો કે "જો હ. ઉમર ઈબ્ને ખતાબ ખુદ હઝરત અલી(અ.સ.)ને આ અલ્કાબો આપે તો તમે શું કહેશો?" તે આલિમે કહ્યું કે "આ દલીલ અમારા માટે માનનીય રહેશે."

અલ્લામા અમીનીએ તે મજમામાં એક ભરોસાપાત્ર કિતાબ મંગાવી. તેઓએ કિતાબમાંથી એ હદીસને રજૂ કરી.

"એક માણસ કે જે ખાને કાબાનો તવાફ કરી રહ્યો હતો તેણે એક સ્ત્રી તરફ બૂરી નિય્યતથી નજર કરી નજર કરી. હઝરત અલી(અ.સ.) તેણે આમ કરતા જોઈ ગયા અને તેને પોતાના હાથ વડે માર્યો. આ શખ્સ પોતાના ચેહરા પર હાથ રાખીને બેચેન હાલતમાં હ. ઉમર બિન ખત્તાબની પાસે હાજર થયો એ ઈરાદાથી કે હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.)ની શિકાયત કરે અને તેણે સમગ્ર વાત

હ.ઉમરની સામે બયાન કરી.

હ.ઉમરે જવાબ આપ્યો **"બેશક અલ્લાહની આંખે જોયું અને અલ્લાહના હાથે માર્યુ."** *(કન્ઝુલ ઉમ્માલ, ભા-૫, પે.૪૬૨/ તારીખે મદીના દમીશ્ક, ભા-૧૭, પે.૪૨)*

આ એ આંખ અને હાથની વાત થઇ રહી છે જે માઅસુમ છે. જેનાથી કયારેય પણ કોઇ ભૂલ નથી થતી, અને હંમેશા તે અલ્લાહના હુકમની ઈતાઅત કરે છે. અલ્લાહની ખુશનુદી માટે જ દરેક કામ કરે છે આપણે સૌ ઉમર ઈબ્ને અબદવદનો વાકેઓ જાણીએ છે. ઈમામો(અ.મુ.સ.)નું દરેક કાર્ય, દરેક બોલ અલ્લાહની મરઝીથી હોય છે.

હ.ઉમરનો જવાબ વાંચીને સુન્ની આલિમે દીન કે જેઓએ અતિશ્યોક્તિનો આરોપ લગાડયો હતો પોતે પણ આ વાતથી સમંત થયા.

એક વાતને સ્પષ્ટ કરી દેવામાં આવે કે હકીકતમાં શબ્દ પ્રયોગ જેવા કે રૂહુલ્લાહ (અલ્લાહની રૂહ) હઝરત ઈસા(અ.સ.) માટે એક માનવાચક સંબંધ દર્શાવે છે નહીં કે અલ્લાહની રૂહ કે આત્મા છે એવું નથી દર્શાવતું. એવી જ રીતે અયનુલ્લાહ અને યદુલ્લાહ પણ ઈમામો(અ.મુ.સ.)ની ફઝીલત દર્શાવવા માટે છે એનો શાબ્દીક અર્થ લેવા માટે નથી.

અઝીઝો! આ માહે રજબ કે મૌલા અલી(અ.સ.)ની વિલાદતનો મહિનો છે કે જે તેના ચાહવાવાળાને ખુશહાલ કરી દે છે. આ મહિનાને પણ અલ્લાહે પોતાનો મહિનો

કહ્યો છે, અને મૌલા અલી(અ.સ.)ના ચાહવાવાળાને આ મહિનામાં ખૂબજ માફ કરે છે. હઝરત અલી(અ.સ.)ની મોહબ્બત જન્નતનો પરવાનો છે, દોઝખથી અમાન છે. જેની માટે હદીસમાં છે કે "અગર તમામ લોકો હઝરત અલી(અ.સ.)ની મોહબ્બત ઉપર જમા થઇ જાત તો અલ્લાહ જહન્નમને ખલ્ક જ ન કરતે."

ઝૈદ બિન સાબિતનું બયાન છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે "જે કોઇ હઝરત અલી(અ.સ.)ની ઝિંદગીમાં અને તેમની ઝિંદગી બાદ તેમનાથી મોહબ્બત રાખશે તો જયાં સુધી સુરજ ઉગતો અને ડુબતો રહેશે ત્યાં સુધી અલ્લાહ તઆલા તેની માટે અઝાબથી અમાન અને સાબિત ઈમાન લખી દેશે અને જે કોઇ અલી(અ.સ.)ની ઝિંદગીમાં અને તેમની ઝિંદગી બાદ તેમનાથી બુગ્ઝ (દુશ્મની) રાખશે તો તે જાહેલીય્યત (કુફ્ર)ની મૌત મરશે અને તેને તેના આમાલનો હિસાબ દેવો પડશે."

અઝીઝો! આવો હઝરત અલી(અ.સ.)ના વાસ્તાથી દુઆ કરીએ કે અલ્લાહ તારી રહેમત થકી તારા કરીમ ચેહરા (વજહુલ્લાહ) ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝહૂરમાં જલ્દી કર.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com